ગાંધીનગર સમાચાર
તા. ૨-૨-૨૦૧૨, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### સરકારને લોકપાલ રૂપે ‘કહ્યાગરો કંથ’ જ ખપે છે

ઘણા વખતથી અધ્ધર લટકી રહેલા લોકપાલ બિલને યુપીએ સરકાર વહેલી તકે પસાર કરી દઈ એ જંજાળમાંથી છૂટવા માગે છે. ગુરૂવારે સુધારેલા મુસદ્દાને મંજૂર કરી દેવા પાછળ સરકારની નીયત સાફ દેખાઈ રહી છે. સોળ પૈકી ફક્ત બે જ ભલામણો અસ્વીકૃત કરીને મંત્રીમંડળે વિધાયક વલણનો પરિચય આપ્યો છે. સિલેક્ટ કમિટીમાં વિપક્ષનાં સભ્યો પણ હોય છે એટલે હવે બજેટ સત્રમાં જ જયારે લોકપાલનું બિલ સુધારેલા મુસદ્દા તરીકે રાજયસભામાં મુકાશે ત્યારે મુખ્ય વિરોધપક્ષ ભાજપ માટે એને ટેકો આપ્યા વગર ભાગ્યે જ કોઈ વિકલ્પ બચશે. જો કે સીબીઆઈનું નિયંત્રણ સરકારે પોતાના હસ્તક રાખ્યું છે તે બાબતે ભારતીય જનતા પાર્ટીએ શરૂથી જ વાંધો ઉઠાવ્યા છે. લોકપાલ ફક્ત ફરિયાદો ભેગી કરનાર અને પહોંચાડનાર ટપાલી જ બની રહેશે, એવી દહેશત અણ્ણા ચળવળનાં કાર્યકરો અને આમ આદમી પાર્ટીએ વ્યક્ત કરી છે. રાજકીય પક્ષો આખરે તો એક જ માળાના મણકા હોય છે - એટલે પોતે લોકપાલના દાયરામાં ન આવે એની એમણે આગોતરી કાળજી લીધી છે. અણ્ણા હજારેએ આખી કવાયતને ‘નાટક’ કહી ઉતારી પાડવાની ચેષ્ટા કરી છે અને પટનાના ગાંધી મેદાનથી શરૂ કરેલી લડાઈ શેરીઓ સુધી લઈ જવાની વાત કરી છે. એમનું સરકાર વિશેનું નકારાત્મક વલણ અકબંધ છે. કેજરીવાલે એમના આદિગુરૂની ઈચ્છા વિરૂધ્ધ રાજકીય પાર્ટીની સ્થાપના કરી સક્રિય રાજકારણમાં ઝંપલાવવાનો નિર્ણય કર્યો છે, અને એમને પણ સરકાર તેમજ વિપક્ષ - બધા ભેગા મળીને પ્રજાને દગો દઈ રહ્યાં હોય એમ લાગે છે. લોકપાલની સત્તા પ્રમાણમાં ઘણી મર્યાદિત રહેશે. એ પોતે સીબીઆઈનાં નિર્દેશકની નિમણૂકમાં દખલ નહીં દઈ શકે, રાજકીય પક્ષો સામે તપાસ નહીં ખરી શકે. ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓ સામે પણ એ તપાસ નહીં કરી શકે, વળી, વડાપ્રધાન, વિપક્ષના નેતા, લોકસભાના અધ્યક્ષ અને સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની પૅનલ દ્વારા નિમાયેલાં લોકપાલ અમુક શરતોને આધીન રહી વડાપ્રધાનની પણ તપાસ કરી શકશે પરંતુ બે વર્ષ માટે નિમાયેલાં કપાયેલી પાંખોવાળા લૂલા લોકપાલ એવી હિંમત દાખવી શકે એ વાતમાં માલ નથી. સરકારે સીબીઆઈને લોકપાલની સ્વતંત્ર રાખીને એમને તાકાત વગરનાં લાકડાના રાજા બનાવી દીધા છે. હવે આ મુદ્દે સદનમાં મુખ્ય વિરોધપક્ષ કેવું વલણ દાખવે છે એના ઉપર લોકપાલ બિલનું ભાવિ આધારિત છે. રાજયસભામાં પસાર થયા પછી જ આ બિલ લોકસભામાં રજૂ કરાશે. લોકસભામાં પસાર થઈ ગયા પછી એ કાયદો બની શકે. જો કે અણ્ણા ભ્રષ્ટાચાર નાબૂદી અને વહીવટી તંત્રમાં ઘર કરી ગયેલી ગંદકી તથા ગુંડાગીરી દૂર કરવા માટે જે પ્રકારનો લોકપાલ ઈચ્છે છે એવો તો નહીં યુપીએ આપી શકે કે ભવિષ્યમાં કદાચ એનડીએ કે ત્રીજા મોરચાની સરકાર આવશે તો પણ આપી શકવાની નથી. આખરે રાજકીય પક્ષોએ ચૂંટણી લડીને આવવું પડે છે. ચૂંટણીમાં બેફામ નાણાંની રેલંછેલ થાય છે. સીબીઆઈનું હાથવગું હથિયાર સત્તાધીશ સરકાર માટે વિરોધીઓને કાબૂમાં રાખવા ખપ લાગે છે. આમ જુઓ તો લોકપાલ એ ગોબરના ગણેશ જ બની રહે એવું દરેક રાજકીય પક્ષ ઈચ્છતો હોય. કહેવા ખાતર ‘શક્તિશાળી’ લોકપાલ આપવાની વાતો ભલે કરે પણ કોઈ પણ સરકારને લોકપાલ કે લોકાયુક્ત તો ‘કહ્યાગરો કંથ’ બનીને રહે તેવો જ ખપે. ગુજરાતનો દાખલો આપણી નજર સામે છે!

## આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગરમાં ૬૪ પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

ગાંધીનગર, તા. ૧

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગાંધીનગર ખાતે ૬૪માં પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદન પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓ, અધ્યાપકગણ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પરિવારના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પરેડ, માર્ચ પાસ્ટ, યોગ નિદર્શન, લેજીમ, જીમ્નાસ્ટીક, મલખમ વગેરે રજૂ કરી ગણતંત્ર દિન ઉજવ્યો હતો.



ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (યુનિવર્સિટી), ગાંધીનગર ખાતે ૬૪માં પ્રજાસત્તાક પર્વની શૈર્ષપૂર્ણ રીતે ઉજવણી કરવામાં આવી હતી. આઈ.આઈ.ઈ.ટી.ના સંકુલ ખાતે આયોજીત પ્રજાસત્તાક પર્વમાં પ્રથમ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચીલ્ડ્રન્સ યુનિવર્સિટી પરીવાર પણ કાર્યક્રમમાં સામેલ થયો હતો. પ્રથમ કુલસચિવ એડીશ્નલ કલેક્ટર બીપીન ભટ્ટ અને ચીલ્ડ્રન્સ યુનિવર્સિટીના ખાસ ફરજ પરના અધિકારી મેહુલભાઈ વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રજાસત્તાક પર્વ નિમિત્તો આઈ.આઈ.ટી.ઈ.ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેક્ષણીય એવી શિસ્તબદ્ધ એન.સી.સી. કેડેટ્સની પરેડ, માર્ચ પાસ્ટ, યોગ વિદ્યા નિદર્શન, લેજીમ, જીમનાસ્ટીક, મલખમ વગેરેના હેરતભર્યા પ્રયોગોનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું.

ડૉ. કમલેશ જોશીપુરાએ પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, ઈન્ડીયન ઈન્સ્ટીયૂટ ઓફ ટીચર એજ્યુકેશનના વિદ્યાર્થીઓ શિક્ષકના ઉમદા વ્યવસ્યાનું ગૌરવપૂર્ણ રીતે જતન કરી અને વ્યક્તિ વ્યક્તિના નિર્માણ દ્વારા સમાજ અને રાષ્ટ્ર નિર્માણના ભગીરથ કાર્ય માટે કટીબદ્ધ રહેશે.

આ પ્રસંગે કુલસચિવ બીપીનભાઈ ભટ્ટ તથા મેહુલભાઈ વ્યાસે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. એન.સી.સી. ઓફિસર ડૉ. માધવી ઉપાધ્યાય, સ્પોર્ટસ ઈન્ચાર્જ ભરત ચૌધરી, એકેડેમીક ઈન્ચાર્જ ડૉ. સુનીલ સાગર તેમજ ડૉ. ઓડેદરા તેમજ બંને યુનિવર્સિટીનો શૈક્ષણિક અને બીનશૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.




બહેન, અમારો ફિલ્મ રોકવા માટે કોઈ ખરાબ ઈરાદો નથી, વાસ્તવમાં અમે આતંકવાદ રોકી શકતા નથી પણ કમસેકમ ફિલ્મમાંથી તો રોકી લઈએ !!

## ખેલ મહાકુંભની સેમીફાઈનલ સ્પર્ધાનો ૪થીએથી પ્રારંભ

### વિજેતા ખેલાડીઓને જરૂરી એન્ટ્રી અને એલીજીબિલીટી મેળવી લેવા અનુરોધ

ગાંધીનગર, તા. ૧

રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભની સેમીફાઈનલ સ્પર્ધા તા. ૪થી ફેબ્રુઆરી-૨૦૧૩થી વિવિધ જિલ્લાઓમાં યોજાશે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં વિજેતા થયેલા અને ટીમમાં પસંદગી પામેલા ખેલાડીઓએ જિલ્લા રમત પ્રસિક્ષણ કેન્દ્ર સેક્ટર-૨૧નો સંપર્ક કરવો એમ જિલ્લા રમતગમત અધિકારીએ જણાવ્યું છે.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓની સેમીફાઈનલ સ્પર્ધા ૪થી ફેબ્રુઆરીથી થશે. વિવિધ જિલ્લામાં યોજાનાર આ સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ગાંધીનગર શહેર અને જિલ્લામાં વિજેતા થયેલા અને ટીમમાં પસંદગી પામેલા ખેલાડીઓ તથા તેમના કોચ-મેનેજર-વાલીઓએ તાત્કાલિક જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, મહાત્મા ગાંધી વિદ્યાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર કચેરીએ રૂબરૂ, સંપર્ક કરીને જરૂરી એન્ટ્રી અને એલીજીબિલીટી મેળવી સ્પર્ધામાં ભાગ લેવા જવાનું રહેશે. આ બાબતે આર.કે. ચૌધરીનો મો. નં. ૯૯૨૫૧૮૦૪૭૦ અથવા એસ. એમ. પટેલનો મો. નં. ૯૯૯૮૮ ૮૦૪૯૪પર સંપર્ક કરવા જણાવ્યુંછે.

## બાલવા સ્વામીનારાયણ હાઈસ્કૂલનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૧

ખેલ મહાકુંભની કલોલ તાલુકાની એથ્લેટિક્સ સ્પર્ધા સ્વામિનારાયણ હાઈસ્કૂલ બાલવા મુકામે યોજાયો હતો. જેમાં બાલવાના રમતવીરો ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે.

૧૬થી નીચેના વિભાગમાં ચૌધરી અક્ષયભાઈ લાંબી કૂદ, લંગડી કૂદ, ઊંચી કૂદ., સાહિલ ચૌધરી ૨૦૦મી, ૮૦૦મી., ગૌતમ ચૌધરી ૪૦૦મી, ૧૫૦૦ મીટર, જયદીપ ભાટી, ચક્રફેંક, નિશા ચૌધરી, ચક્રફેંક, સૃષ્ટિ ચૌધરી - ૨૦૦મી, ૧૫૦૦મી, પિન્કી ૪૦૦મી, દોડમાં દેખાવ સારો કરેલ છે. ૧૬ વર્ષની ઉપર ભાઈ અને બહેનોના વિભાગમાં બકાજી, ગોંડલીયા અર્જુન, સચીન ચૌધરી - ગોળા ફેંક, નીલ ચૌધરી - બરછી ફેંકમાં પ્રથમ નંબર આવેલ છે.

ગામ તથા શાળાનું ગૌરવ વધારેલ છે. આચાર્ય અર્જુનસિંહ પરમાર તથા ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## ક્ષાત્રધર્મની આવશ્યકતા સમગ્ર રાષ્ટ્રને છે : ક્ષત્રિય યુવક સંઘ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના રામકથા મેદાનમાં તાજેતરમાં સ્વ. પૂ. તનસિંહજીની જન્મજયંતિ નિમિત્તે રાજપૂત સમાજ સંમેલન યોજવામાં આવ્યું હતું. સંમેલનમાં તમામ વકતાઓએ સમાજના સંગઠનમાં અને સમાજમાં શિક્ષણના પ્રભાવ સંદર્ભે વકતવ્ય આપ્યા હતા.

રાજપૂત એ જાતિ નથી પણ સંસ્કૃતિ છે. જેને આપણે ક્ષાત્ર સંસ્કૃતિ કહીએ છીએ. પૂ. તનસિંહજીના ૮૯મા જન્મજયંતિ નિમિત્તે બોલતા ક્ષત્રિય યુવક સંઘના સંઘ પ્રમુખ ભગવાનસિંહજી રોલે કહ્યું હતું તેઓએ ખાસ કરીને રાજપૂત ભાઈઓને ધર્મ-સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરવા જણાવ્યું હતું તથા સમાજના ભાઈઓને અપીલ કરી કે પોતાના બાળકોને તનસિંહજીની પાઠશાળામાં સુશિક્ષિત થવા મોકલો. તનસિંહજીનો માર્ગ ત્યાગનો માર્ગ હતો તેથી જ આપણે તેઓની જયંતિ મનાવીએ છીએ.

## સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળામાં ઊર્જા બચાવો અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર વિસ્તાર સેક્ટર-૭ની સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળામાં તાજેતરમાં હિન્દુસ્તાન પેટ્રોલીયમ કંપની લી. સેક્ટર-૬, ગાંધીનગરના સૌજન્યથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ ચિત્ર, નિબંધ, વકતૃત્વ સ્પર્ધામાં રસપૂર્વક ભાગ લઈ પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર મેળવ્યા હતા.

ઊર્જા બચાવો અંતર્ગત શાળામાં ચિત્ર હરિફાઈ નિબંધ લેખન અને વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. દરેક સ્પર્ધામાં ધોરણ ૧ થી ૮ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં ૨૦ બાળકો, વકતૃત્વ સ્પર્ધામાં ૧૦ બાળકોએ ભાગ લઈ વિજેતા ક્રમ મેળવ્યો હતો. બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ હરિફાઈને વધુ સફળ બનાવી હતી. એચ.પી.સી.એલ.ના મેનેજર અરવિંદભાઈ ગોવિલ અને અજીત માડયે તેમજ એચ.પી.સી.એલ. પંપ, સેકટર-૬ના સ્ટાફ મિત્રોએ હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

## વિવેકાનંદ વિષયક રાજયકક્ષાની ક્વીઝમાં વિજેતા શુભમ પ્રજાપતિ

ગાંધીનગર, તા. ૧

રાજયકક્ષાની સ્વામી વિવેકાનંદ વિષયક કવીઝ સ્પર્ધામાં શેઠ. સી. એમ. હાઈસ્કૂલના વિદ્યાર્થી શુભમ હિતેષકુમાર પ્રજાપતિનો જિલ્લા કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાને ગૌરવ અપાવેલ છે. રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ વડોદરા દ્વારા વિદ્યાર્થી અને શાળાને સન્માનવનો સમારંભ વડોદરા મુકામે યોજેલ છે. જેમાં શુભમ પ્રજાપતિ ભાગ લેશે. શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.

## વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ ગાંધીનગરની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ ગાંધીનગરના સભ્યોની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં આગામી તા. ૧૭મી ફેબ્રુઆરીએ માયા સાતમના દિવસે મેઘમાયાની શહાદત દિનની ઉજવણી અને છેલ્લા ત્રણ વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈ.એ.એસ.ની પરીક્ષામાં પાસ થયેલા ગૌરાંગ મકવાણાના સન્માનનો નિર્ણય લેવાયો.

ગાંધીનગરના વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી વિજય સોલંકી તેમજ જનરલ સેક્રેટરી હરેશભાઈ ચાવડાની સંયુકત અખબારી યાદીમાં જણાવ્યું છે કે તાજેતરમાં વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ ગાંધીનગરના કારોબારી સભ્યો, ટ્રસ્ટી મંડળની બેઠક ટ્રસ્ટના ખજાનચી મહેશભાઈ મકવાણાના નિવાસ સેક્ટર-૨-બી, ગાંધીનગર ખાતે મળી હતી. પ્રમુખ સુમંત મકવાણાના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં આગામી તા. ૧૭મી ફેબ્રુઆરી-૨૦૧૩ને રવિવારના રોજ માયા સાતમના દિવસે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેક્ટર-૧૨ ખાતે બપોરના ૩ કલાકે ટ્રસ્ટના ઉપક્રમે વીર મેઘમાયાની શહાદત દિનની ઉજવણી તેમજ છેલ્લા ત્રણ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૦ અને તે ઉપરના ઉચ્ચ અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ તેમજ સમાજના ગૌરાંગભાઈ મકવાણા આઈ.એ.એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. તેઓનું સમાજ દ્વારા સન્માન કરવાનું આયોજન કર્યું છે. ટ્રસ્ટના તમામ સભ્યોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ટ્રસ્ટી દ્વારા જણાવ્યું છે.



### મહર્ષિ અત્રી માધ્યમિક શાળાનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

ખેલ મહાકુંભ ૨૦૧૩ની જિલ્લા કક્ષાની કુસ્તીની સ્પર્ધામાં મહર્ષિ અત્રી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે. જેમાં જય પટેલ, પૃથ્વીરાજ ચૌહાણ, લોઢારી ચંદ્રપાલ, હર્ષ પટેલ - પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે. શાળાનાં ટ્રસ્ટી ભરતભાઈ ઠુંમર, હર્ષદભાઈ પટેલ, આચાર્ય ભરતસિંહ રાઠોડ, કોચ-રાજેશભાઈ ચાવડા, ભરતભાઈ ચૌધરીએ અભિનંદન પાઠવેલ છે.

## એસ.એસ. પટેલ પી.ટી.સી. કોલેજમાં નાટય સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી સંચાલિત શરદબેન શાંતિભાઈ પટેલ પી.ટી.સી. કોલેજ દ્વારા તાલીમાર્થી બહેનો શિક્ષક બને તે પહેલાં તેમનામાં કાર્યક્ષમતા, કૌશલ્ય વિકાસ અને વ્યવસાયિક સજ્જતાનો વિકાસ થાય તે હેતુથી વિવિધ જૂથમાં નાટકની રજૂઆતનો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ‘સ્ત્રી ભ્રુણ હત્યા’ નાટકને પ્રથમ નંબર પ્રાપ્ત થયો હતો.

વર્તમાન સમયને અનુરૂપ સંપૂર્ણ સજ્જતાવાળા શિક્ષક તૈયાર કરવા માટે કોલેજના આચાર્યા કિરણબેન પટેલ તેમજ અધ્યાપકોના માર્ગદર્શ હેઠળ શિક્ષણ કાર્ય ઉપરાંત નાટય અને અભિનય કલા જેવા વિવિધ કૌશલ્યો આધારિત કાર્યોનો પણ પ્રત્યક્ષ અનુભવ તાલીમાર્થી બહેનોને મળે તથા સમાજના વિવિધ પ્રશ્નોથી માહિતગાર થાય તેવા હેતુથી આ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં બાલિકા વધૂ, સ્ત્રી ભ્રુણ હત્યા, લોક જાગૃતિ, વિવિધતામાં એકતા જેવા વિષયો પર નાટકો રજૂ થયા હતા. સમગ્ર કાર્યક્રમમાં યોજાયેલી સ્પર્ધામાં ‘સ્ત્રી ભ્રુણ હત્યા’ નાટકે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. તાલીમાર્થી બહેનો દ્વારા યોજાયેલ વિવિધ જૂથમાં નાટકની રજૂઆતોને સૌએ પ્રોત્સાહિત કરી હતી. કોલેજના અધ્યાપકો અને આચાર્ય દ્વારા વિજેતા ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સ્વાતંત્ર્ય લડવૈયા અબ્બાસ તૈયબજીને પુષ્પાંજલિ


ગાંધીનગર, તા. ૧

સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયા અબ્બાસ તૈયબજીની ૧૬૦મી જન્મદિન નિમિત્તે વિધાનસભામાં તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભા સચિવાલયનાં સચિવ ડી. એમ. પટેલ., ઉપસચિવ એસ.એસ. મકવાણા, સહિતનાં અધિકારીઓ, કર્મચારીઓએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તૈયબજીએ ૩૪ વર્ષ સુધી ગાયકવાડના વડોદરા રાજયમાં ન્યાયખાતામાં ફરજ બજાવી હતી. સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભૂમિકા અદા કરી હતી.

## ગાંધીનગરની નામી છતાં એક અનામી સંસ્થા ‘વિહંગ હેલ્પ ફાઉન્ડેશન’

“બેફામ તોયે કેટલુ થાકી જવું પડ્યું,
નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી”



બસ, જિંદગીની મંઝિલ આટલી જ છે, ફક્ત ઘરથી કબરસુધી અને છતાં એ મંઝિલે પહોંચતાં માનવી કેટલું હાંફી જાય છે. જવાનું નક્કી છે, ચાહે રાય હો કે રંક, આ જાણવા છતાં જિંદગીમાં કેટલો વલોપાત, કેટલી મથામણ, છતાં સરવાળે શૂન્ય. પણ કેટલાક માનવી એવા હોય છે જે જીવનનાં પ્રત્યેક ડગલે સત્કાર્યની મહેંક મુકતા જાય છે. ન કોઇ પ્રસિધ્ધિ ન કોઇ દેખાવ. કોઇ એની નોંધ લે કે ન લે એની ચિંતા હોતી નથી પણ એની નોંધ ઇશ્વરના ચોપડે અવશ્ય લેવાય છે. અને ઇશ્વર એના હિસાબમાં ક્યારેય કાચો નથી હોતો.

પરમાત્માને પ્રસન્ન રાખવાની ખેવના સાથે સત્કાર્યના માર્ગે મૂંગા મૂંગા આગળ વધતા કલ્પેશભાઇ શાહ અને જયોતિબેન શાહ કંઇક આવા જ નોખી માટીનાં નોખા માનવી છે. કલ્પેશભાઇ જિલ્લા પંચાયતમાં સિવિલ એન્જિનીયર તરીકે ફરજ બજાવે છે. તેમને એક અનોખી ધૂન લાગી છે. દરિદ્ર નારાયણોના ચહેરા પર પ્રસન્નતા લાવવાની. કડકડતી ઠંડી હોય ત્યારે ઝૂંપડપટ્ટીમાં ટુંટીયુવાળી રાત ગુજારતા દરિદ્ર નારાયણની તસ્વીર નજર સમક્ષ તરવરે અને તેઓ પોતાની ગાડી લઇ સાથે પત્નીને લઇ નીકળી પડે ૨૦-૩૦ ધાબળા લઇને. ક્યારેક ગાંધીનગરથી ૧૫-૨૦ કિલોમીટર દૂર અંતરિયાળ ખેતરાળ વિસ્તારોમાં જેમની પાસે ખેતરના ધૂળ ને ઢેફા અને ઉપર ખુલ્લા આકાશ સિવાય કંઇ નથી. ઠંડીના સુસવાટા સહન કરીને જેમનું શરીર પણ પથરાળ બની ગયું છે તેમનાં બાળકો પર જઇને કામળો ઓઢાડી દે અને ટુંટીયુવાળી માની ગોદમાં લપાઇ ગયેલું બાળક હૂંફ અનુભવે એટલે કલ્પેશભાઇ અને જયોતિબેનને ચારધામની યાત્રાનું પુણ્ય મળ્યું હોય તેવો સંતોષ થાય. કોઇ સામાજિક પ્રસંગે જમણવાર હોય અને જમીને આવ્યા પછી કલ્પેશભાઇને પાછી ખેતરાળ જમીન અને દરિદ્ર નારાયણો યાદ આવે એટલે કેરીનો રસ અને ક્યારેક ચોખ્ખા ઘીની સુખડી બનાવી પાછા ગાડી લઇને નીકળી પડે, શ્રમજીવીઓના ચહેરા પર ખુશીના ભાવ છલકાવા માટે, ક્યારેક નાના બાળકો માટે સીંગચણાના પેકેટ, ગ્લુકોઝના બિસ્કીટ કે ચોકલેટો પણ લેતા જાય, ક્યારેક મધુર છાશના પાઉચ કે દૂધની કોથળીયો પણ સાથે હોય. પતિ-પત્નીની આ સેવાકીય પ્રવૃત્તિની સુગંધ ધીમે ધીમે ફેલાવા લાગી. મિત્રો જોડાતા ગયા. દાન આવતું ગયું... લોગ આતે હી ગયે ઔર કારવાં બનતાં ગયા. નિઃસ્વાર્થ ભાવે પ્રમાણિકતાથી શરૂ કરેલી સેવાકીય પ્રવૃત્તિ રંગ લાવતી ગઇ. પ્રમાણિકતા ભર્યાં પુરૂષાર્થમાં ધનની ખોટ કદી વરતાતી નથી. લોકોનો વિશ્વાસ જળવાઇ રહે અને પાઇ એ પાઇનો સદુપયોગ થાય તે માટે કલ્પેશભાઇએ તા. ૦૨-૦૯-૨૦૧૧ના રોજ “વિહંગ હેલ્પ ફાઉન્ડેશન” ની રચના કરી. ખાસ કરીને ઉનાળામાં રોડ પર મજુરી કરતાં શ્રમજીવીઓ કે જેમને ડામરના ૧૨૦ થી ૧૩૦ ટેમ્પ્રેચર તેમજ આકાશની ૪૦ ડિગ્રીની ગરમીમાં કામ કરવું પડતું હોય છે અને છતાં અન્ય મજૂરો કરતાં ઓછી મજુરી મેળવે છે. તેમના પ્રત્યે કલ્પેશભાઇ વિશેષ લાગણી ધરાવે છે. તેમની વિશેષ કાળજી રાખવા તેઓ સતત ચિંતિત હોય છે. વિહંગ હેલ્પ ફાઉન્ડેશનમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં મિત્રોને રસ પડવા લાગ્યો અને એ.ડી.પટેલ (ઉપસચિવ જી.એ.ડી.) આશિષભાઇ પટેલ, દિનેશભાઇ પટેલ, પિયુષભાઇ વોરા, નિરંજનભાઇ પટેલ, અનંતભાઇ ભાવસાર, અલકાબેન શાહ, યુસુફ મનસુરી, તથા સંજય શાહ તથા સાથીઓ જોડાતા ગયા. જો કે આ એવા પ્રકારની સંસ્થા છે જેમાં બધા જ પ્રમુખ અને બધાં જ મંત્રી છે. હોદ્દાની લાલસા વગરના સેવાભાવી મિત્રોનું વૃંદ એટલે “વિહંગ હેલ્પ ફાઉન્ડેશન” દયા પ્રેમ અને કરૂણાની આ વહેતી ગંગામાં ડુબકી મારવાનું મન થાય તો કલ્પેશભાઇ શાહની એક વાર અવશ્ય મુલાકાત લેવા જેવી ખરી. તેમનો સંપર્ક કરો મોબાઇલ નં. ૯૮૨૫૪૪૭૬૦૯ સેકટર-૩ડી પ્લોટ નં. ૧૦૯૩/૨ પણ હા, તે માટે અહમ્‌નો અંચળો ફગાવી દેવો પડશે, પ્રતિષ્ઠાનો મોહ જતો કરવો પડશે.

**નિઃસ્વાર્થ ભાવે પ્રમાણિકતાથી શરૂ કરેલી સેવાકીય પ્રવૃત્તિ રંગ લાવતી ગઇ, પ્રમાણિકતા ભર્યાં પુરૂષાર્થમાં ધનની ખોટ કદી વરતાતી નથી**

- પોપટલાલ એસ. પ્રજાપતિ